નવગુજરાત સમય, પાના નં. ૧૨, તા - ૨૮.૧૦.૨૦૨૪

**મિશન** ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આયોજિત ત્રિ-દિવસિય 17મી અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ એન્ડ એક્સ્પોનો સમાપન

# હાલ મેટ્રોની 23 શહેરમાં 989 કિલોમીટરની કનેક્ટિવટી, ભવિષ્યમાં તે વધુ 974 કિ.મી.માં વિસ્તારવાનું આયોજન

**18મી UMI-કોન્ફરન્સ હરિયાણાના ગુડગાંવમાં 24મીથી 26મી ઑક્ટોબર-2025 દરમિયાન યોજાશે**

## મેટ્રો, સ્માર્ટ સિટી, PM ગતિ શક્તિ સહિતની પરિવહન સેવા આશીર્વાદ સમાન

ભારત સરકારના આવાસ અને શહેરી બાબતો મંત્રાલયના સચિવ કે.શ્રી નિવાસે જણાવ્યું હતું કે, અર્બન મેટ્રો રેલ, સ્માર્ટ સિટી, અમૃત, PM ગતિ શક્તિ, PM બસ સેવા સહિતની જાહેર પરિવહન સેવા શહેરી નાગરિકો માટે આશીર્વાદ સમાન છે. જાહેર પરિવહન સહિત ભારતના શહેરોને વધુને વધુ કેવી રીતે રહેવા લાયક બનાવવા, તે દિશામાં આ કોન્ફરન્સમાં મેયર-મ્યુનિસિપલ કમિશનરની ઉપસ્થિતિમાં વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે.

## આ ઇવેન્ટમાં એક પ્લેનરી-8 ટેકનીકલ સેશન, 9 રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ થઇ

આ ત્રિદિવસિય પ્રદર્શનમાં ભારત અને વિદેશમાં શહેરી પરિવહનના ઉત્તમ પ્રકારો, અદ્યતન શહેરી પરિવહન ટેક્નોલોજી, સેવાઓ અને અન્ય સંબંધિત ક્ષેત્રોમાં વર્તમાન સ્થિતિનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. જેમાં મેટ્રો રેલ કંપનીઓ, જાહેર અને ખાનગી ક્ષેત્રના લગભગ 76 જેટલા પ્રદર્શકો ભાગ લીધો હતો. આ કોન્ફરન્સ અને એક્સ્પોમાં GIZ, એશિયન ડેવલપમેન્ટ બેંક, યુરોપિયન ઇન્વેસ્ટમેન્ટ બેંક, કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વોટર-CEEW, WRI ઇન્ડિયા, ધી અર્બન કેટલીસ્ટ, TERI, ન્યૂ ડેવલપમેન્ટ બેંક અને CEPT-અમદાવાદ જેવી વિશ્વની પ્રતિષ્ઠિત 9 સંસ્થા નોલેજ પાર્ટનર તરીકે સહભાગી થઈ હતી. આ ત્રિ-દિવસીય કોન્ફરન્સમાં 8 ટેકનીકલ સેશન, 9 રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ, 8 રીસર્ચ સિમ્પોઝીયમ અને એક પ્લેનરી સેશન સહિતના વિવિધ સેશનો યોજાયા હતા.

**નવગુજરાત સમય > ગાંધીનગર**

ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ, ઈન્સ્ટિટ્યૂટ ઑફ અર્બન ટ્રાન્સપોર્ટ (ઈન્ડિયા) દ્વારા ગુજરાત સરકાર અને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના સહકારથી આયોજિત ત્રિ-દિવસિય 17મી અર્બન મોબિલિટી ઈન્ડિયા (UMI) કોન્ફરન્સ એન્ડ એક્સ્પો-2024નો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતના નાણા-ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, ઓડીસાના શહેરી મંત્રી કે.સી. મહાપાત્રા, ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના સંયુક્ત સચિવ જયદીપની ઉપસ્થિતિ તથા કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રી મનોહર લાલની અધ્યક્ષતામાં આ સમારોહમાં એવી જાહેરાત કરાઈ હતી કે, હવે, આગામી વર્ષ 2025માં 18મી UMI-કોન્ફરન્સ હરિયાણાના ગુડગાંવમાં 24મીથી 26મી, ઑક્ટોબર-2025 દરમિયાન યોજાશે.

આ તબક્કે, કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રી મનોહર લાલે જણાવ્યું હતું કે, દેશમાં મેટ્રોની સેવા 23 શહેરોમાં 989 કિલોમીટરના વિસ્તારમાં વિકસાવવામાં આવી છે. જે ભવિષ્યમાં વધુ 974 કિલોમીટરમાં વિસ્તારવામાં આવશે. દેશભરમાં દરરોજ અંદાજિત એક કરોડ મુસાફરો મેટ્રો સેવાનો લાભ લઈ રહ્યા છે. ભવિષ્યમાં મેટ્રો નેટવર્કની લંબાઈના સાપેક્ષે ભારતમાં વિકસી રહેલ મેટ્રો નેટવર્ક એ ચીન પછી બીજા મોટા નંબરની સેવા બનશે.

તેમણે જણાવ્યું હતું કે, સફળ અર્બન મોબિલિટી એ નાગરિકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી પૂરી પાડવા પૂરતું સિમિત નથી, પરંતુ દરેક નાગરિકનું જીવન સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત બનાવવું સાથેસાથે કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડી, પ્રદૂષણ ઘટાડવું પણ આવશ્યક છે. સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલું સ્માર્ટ સિટી મિશન અને અટલ મિશન એ ઈન્ટિગ્રેટેડ અર્બન મોબિલિટીના પાયા આ બાબતો હતી. શહેરોમાં વધતી વસ્તીના કારણે તેમને મળતી માળખાકીય સુવિધાઓમાં પણ વધારો થવો જોઈએ. જે માટે આપણા શહેરોને વધુ અનુકૂળ, કનેક્ટિવ અને સ્થિતિસ્થાપક બનાવવા જોઈએ.